

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

**પાલનપુરમાં શરદ પૂનમના ગરબાની રમઝટ**

પાલનપુરમાં શરદપૂર્ણિમાના મહાપર્વે જુદા જુદા વિસ્તારમાં રાસ ગરબાની ખેલૈયાઓએ રમઝટ બોલાવી હતી. શહેરમાં અંબાજી મંદિર, બ્રાહ્મણ વાસ, જયભવાની યુવક મંડળ, ભાગ્યોદય સોસાયટી વગેરે ગરબા સ્થળો પર ખેલૈયાઓએ સંગીતના તાલે ગરબાની મજા માણી હતી.

# અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે પ્રજ્ઞાચક્ષુ દ્વારા ખેલ મહાકુંભ યોજાયો

## રાષ્ટ્રીય અંધજ મંડળ અરવલ્લી અને સાબરકાંઠામાં આયોજન : ૧૩૮ પ્રજ્ઞાચક્ષુએ ભાગ લીધો

મોડાસા, તા. ૧૦

ગુજરાત સરકાર દ્વારા 'રમશે ગુજરાત અને જીતશે ગુજરાત' જેવા કાર્યક્રમો શરૂ કરાયા હતા. તેમાં અરવલ્લી જિલ્લામાં પ્રજ્ઞાચક્ષુ ખેલમહાકુંભ ૨૦૧૪ રાષ્ટ્રીય અંધજન મંડળ ગુજરાત રાજ્ય અરવલ્લી - સાબરકાંઠાને આજરોજ અરવલ્લી જિલ્લા કલેક્ટર બી. જે. ભટ્ટ દ્વારા ખૂલ્લો મુકાયો હતો.

મોડાસાના મ.લા.ય. ગાંધી કેમ્પસ મેદાનમાં પ્રજ્ઞાચક્ષુ ખેલ મહાકુંભ - ૨૦૧૪ કે જેમાં રમતગમત યુવા સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ, રાષ્ટ્રીય અંધજન મંડળ તરફથી સરકાર દ્વારા રાખવામાં આવેલ હતી. જેમાં અરવલ્લી જિલ્લાના કલેક્ટર બી. જે. ભટ્ટ દ્વારા આ કાર્યક્રમને ખૂલ્લો મુકાયો હતો. જેમાં સાબરકાંઠા અને અરવલ્લીના ૧૩૮ જેટલા પ્રજ્ઞાચક્ષુઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને આ પાંચ - પાંચ વખતથી વૃદ્ધ તથા અપંગોનો સમાવેશ કરવામાં આવ્યો હતો તેના કારણે ભાસ્કરભાઈ પ્રજ્ઞાચક્ષુએ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો અને અંધજન મંડળ અને સરકારની પ્રવૃત્તિઓને પ્રજા સુધી અને સમાજ સુધી પહોંચાડે છે તેવા મિડિયાનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.



પ્રજ્ઞાચક્ષુ મંડળના પ્રમુખ ભાસ્કરભાઈ જણાવે છે કે, છેલ્લા ૩૦ વર્ષથી અંધજન મંડળ સાબરકાંઠા અને તાજેતરમાં રચાયેલ અરવલ્લી જિલ્લામાં ચાલે છે અને તેમાં વિકલાંગ, પ્રજ્ઞાચક્ષુઓ સારી એવી આ સંસ્થામાં રહીને પ્રવૃત્તિઓ કરે છે અને આ સંસ્થામાં લાભાર્થીઓ શોધી આપવા માટે લોકોને મદદરૂપ થવા આહ્વાન કર્યું હતું. જ્યારે અરવલ્લી જિલ્લામાં આ વખતે જી.પી.એસ.સી. ક્લાસ-૧/૨ પરીક્ષામાં ૬ અંધજન બેસવાના છે તે આ મંડળ માટે ગૌરવંતી વાત છે. તેમને સરકાર તરફથી રાઈટર પણ ફાળવી આપવામાં આવ્યાં છે.



# નવનીતલાલ એન્ડ કું.નો પ્લેટિનમ જયુબિલી વર્ષમાં પ્રવેશ

અમદાવાદ, તા.૧૦

ગુજરાતની જુનામાં જુની એડવર્ટાઈઝીંગ એજન્સી- નવનીતલાલ એન્ડ કું.એ પ્લેટીનમ જયુબિલી વર્ષ (૭૫માં વર્ષમાં) પ્રવેશ કર્યો છે. સ્વ. રમણલાલ ગાંધી દ્વારા ૧૯૪૦માં સ્થપાયેલ નવનીતલાલ એન્ડ કું. ૧૯૫૫ના વર્ષમાં આઈઈએનએસ દ્વારા સંપૂર્ણ એક્રેડીટેશન ધરાવતી એક માત્ર પ્રથમ એડવર્ટાઈઝીંગ એજન્સી હતી. તેઓની દીર્ઘદષ્ટિ અને માર્ગદર્શન હેઠળ, આ એજન્સી તદ્દન સરળ શૈલીમાં તથા અસરકારક રીતે જાહેરાતો તૈયાર કરીને તેને લોકો સુધી પહોંચાડતી હતી. આ એજન્સીના આદ્યસ્થાપક સ્વ. શ્રી રમણલાલ ગાંધી ગ્રાહકોની માત્ર વિવિધ બ્રાન્ડઝનો જ નહીં, પરંતુ સાથો સાથ તેમના વ્યવસાયની પણ સતત વૃધ્ધિ થાય તેવા ઉમદા વિચારો તથા આદર્શ દષ્ટિકોણ પણ ધરાવતા હતા. આજે, આ એજન્સી, ઓટોમોબાઈલ્સથી માંડી ઈલેક્ટ્રોનિકસ, વિવિધ બેંકો તથા એફએમસીજી, જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ તથા અનેક કંપનીઓ વગેરે જેવા વિશાળ સંખ્યામાં બહુલક્ષી ગ્રાહકો પણ ધરાવે છે. આજે પણ આદ્યસ્થાપકશ્રીના એજ દષ્ટિકોણ તથા આદર્શો સાથે તેની ત્રીજી પેઢી દ્વારા આ એજન્સીનું કુશળ સંચાલન થઈ રહ્યું છે. આજે પાંચ શહેરોમાં આ એજન્સીની અન્ય શાખાઓ પણ કાર્યરત છે.

# અનેક રજુઆત છતા બી.એસ.એન.એલ. અધિકારીઓના બહેરા કાને વાત અથડાતી નથી

## અન્ય નંબર પર ફોન જોડાયા બાદ તે નંબર પરના તમામ ફોન સિનિયરના ઘરે આવે છે

ગાંધીનગર, તા. ૧૦

ભારત સંચાર નિગમ લિમિટેડ (બી.એસ.એન.એલ.)ની સેવાઓ ક્યારેય જનતાને માફક આવી નથી. બી.એસ.એન.એલ.નો ધાંધિયાથી નાગરિકો ત્રસ્ત છે. ત્યારે ગાંધીનગરના સિનિયર સિટીજનને આનો કડવો અનુભવ થયા છે. અને રજૂઆતો કરવા છતાં અધિકારીઓના બહેરા કાને વાત સંભડાતી નથી.

ગાંધીનગરના સિનિયર સિટિજન ડી.એફ. શાહ પોતાની પત્નિ સાથે પ્લોટ નં. ૭૨૩/૨, સેક્ટર-૭-બી ખાતે રહે છે અને તેઓ બી.એસ.એન.એલ.નો લેન્ડલાઈન ફોનનો ઉપયોગ કરે છે. પરંતુ આ ફોનની ઘંટડીએ બે મહિનાથી બન્નેની ઉંઘ હરામ કરી નાખી છે.

ડી.એફ. શાહ કહે છે કે તેમનો ટેલીફોન તારીખ ૨૮ સપ્ટેમ્બરના રોજ અન્ય ફોન (૩૦૭૧૨) પટેલવાડીમાં જોડાઈ ગયો હતો. ત્યાર બાદ ૩૦૭૧૨ નંબર પર ફોન કરવામાં આવે તે ફોનની ઘંટડી સીધીજ ડી.એફ. શાહના ઘરે વાગે છે.

બન્ને સિનિયર સિટિજને ગત ૪ થીના રોજ રૂબરૂ મળી બી.એસ.એન.એલ.ના પી.એ.ને ફરિયાદ લખાવેલ છે. ત્યારબાદ ફરિયાદનું નિરાકરણ ન આવતા ગત ૭મી ના રોજ પણ રૂબરૂ મળવા માટે ગયા હતા પરંતુ સાહેબને કદાચ બન્ને સિનિયરોને હજુ વધારે હેરાન કરવા હશે તેમ મળવા માટે સમય ન હતો.

સિનિયર સિટિજનને લાગ્યુ કે સાહેબને મને મળવા માટે સમય નહિ મળે તે પછી ટે. નં. ૧૯૮ અને ૧૫૦૦ ટોલ ફ્રી નંબર પણ ફરિયાદ નોંધાવેલ છે. છતાં સમસ્યાને દૂર કરી શક્યા નથી. શાહ કહે છે કે મેં ૧૭૧ અનલીમીટેડ સ્કીમ કરાવેલ છે. અને બે મહિનાથી હુ કોઈને ફોન પણ કરી શખતો નથી તો પછી આનો કોઈ મતલબ ખરો ? તેમણે બે મહિનાથી બંધ પડેલ ફોનનું ભાડુ પરત આપવા માગણી કરી છે.

એક બાજુ બી.એસ.એન.એલ. ગ્રાહકોને વધુ સારી સગવડ આપવાની વાતો કરી ફરે છે. અને બીજી બાજુ નગરના સિનિયર સિટીજનોની સમસ્યાઓનું બબ્બે મહિના સુધી નિરાકરણ લાવવામાં આવતુ નથી. ત્યારે તંત્રના બેવડા ધોરણોના કારણે પ્રજાને માનસિક ત્રાસ આપવામાં આવે છે. તો આને શુ સમજવું?

# પીંપળજ પાસે ડમ્પર પાછળ એક્ટીવા ઘુસી જતાં ચાલકનું મૃત્યુ

## મોડી સાંજે અંધારામાં પીંપળજ બહેનના ઘરેથી યુવાન પોતાના ઘરે અમદાવાદ જવા નીકળ્યો હતો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર મહુડી રોડ પર ગઈ મોડી સાંજે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં એક યુવાનનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. રસ્તાની બાજુમાં ઉભેલા ડમ્પરની પાછળ એક્ટીવા ઘુસી જતા તેનો ચાલક ગંભીર રીતે ઘવાયેલો હતો અને તેનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. પેથાપુર પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતો ૨૮ વર્ષીય યુવાન દોલતસિંહ મોહનસિંહ ડાભી પેથાપુર-મહુડી હાઈવે પર સ્થિત પિંપળજ ગામે તેની બહેનના ઘરે ગયો હતો. એક્ટીવા નં. જીજે-૧-એન.એલ.૯૧૧૫ લઈને ગઈ મોડી સાંજે તે પરત અમદાવાદ જવા નીકળ્યો હતો. ત્યારે પીંપળજ ગામના પાટીયા પાસે કેશવ પાર્ટીપ્લોટ સામે ઉભેલી એક ડમ્પરની પાછળ અંધારામાં એક્ટીવા ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવાન દોલતસિંહને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. પરંતુ તેનું મૃત્યુ નિપજ્યું હતું. પેથાપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.એસ.આઈ. પી.જે. સોલંકીએ ગુનો નોંધીને ઊંડી તપાસ શરૂ કરી છે.

# સે-૬ના આવાસોમાં પાણીની ટાંકીઓ તોડવાનું કામ શરૂ કરાયું

## આવાસોના અસ્તિત્વ માટે પણ ટાંકીઓ જોખમી પુરવાર થઈ છે

ગાંધીનગર, તા.૧૦

શહેરના સરકારી આવાસોના ધાબે ટાંકીઓ તોડવાનું કામ શરુ કરી દેવાયું છે. વર્ષોથી બિનઉપયોગી પુરવાર થયેલી પાણીની ટાંકીઓ મચ્છર ઉત્પત્તિ માટે પણ ફેવરેબલ પ્લેસ બની છે જયારે આવાસોની સલામતીની દષ્ટિએ પણ ભયજનક હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. સે-૬માં આવાસોની ટાંકી તોડવાનું કામ શરુ કરી દેવાયું છે. શહેરમાં સરકારી આવાસો કંગાળ હાલતમાં છે જયારે આવાસોના ધાબે સ્થિત પાણીની ટાંકીઓ પણ બિનઉપયોગી હોવાનું સ્પષ્ટ થયું છે. ચોમાસા દરમિયાન ધાબાની ખુલ્લી ટાંકીઓના લીધે લીકેજીસની સમસ્યા ઉદભવી છે. બીજી તરફ મચ્છરો માટે પણ ખાલી ટાંકીઓ આશીર્વાદ રૂપ બનતા આરોગ્યની દષ્ટિએ પણ ખતરો મંડરાય છે. મોટા ભાગના આવાસોના ધાબે સ્થિત પાણીની ટાંકી ખુલ્લી અને બિનઉપયોગી નિવડી છે આવા સંજોગોમાં સરકારી આવાસોની સલામતી માટે પણ પાણીની ટાંકીઓ ભાવિ સંજોગોમાં જોખમી પુરવાર થાય તેવી સ્થિતિ છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા આવાસોના ધાબે સ્થિત પાણીની ટાંકીઓ તોડવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સે-૬માં આ કામગીરી શરુ કરી દેવામાં આવી છે. સે-૬માં વિવિધ કક્ષાના ૧૦૦ જેટલા મકાનોની ટાંકીઓ તોડવાનું કામ શરુ કરી દેવાયું છે.

# આવતીકાલે સરઢવમાં બાલ સ્વાસ્થ્ય હરિફાઈ

શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળ સરઢવની સુવર્ણજયંતિ મહોત્સવ ૨૦૧૪ અન્વયે સરઢવમાં બાળ સ્વાસ્થ્ય હરિફાઈ તા. ૧૨મી ઓક્ટોબરના સવારે ૯ થી ૧૨ રેવાબાઈ જનરલ હોસ્પિટલ સરઢવમાં યોજાશે. સરઢવ ગ્રામ વિકાસ મંડળ અને શ્રી મહેન્દ્રકુમાર પ્રહલાદભાઈ પટેલ (નિવૃત્ત મદદનીશ વનસંરક્ષક) ગાંધીનગરની સંયુક્ત ઉપક્રમે બાલ સ્વાસ્થ્ય હરિફાઈનું આયોજન કરેલ છે.

માનદ તબીબ અને બાળરોગ નિષ્ણાંત ડો. અનિલભાઈ વૈદના સહયોગ અને માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પાંચ વર્ષ સુધીના બાળકોથી અલગ અલગ ઉંમરના ગૃપમાં સ્પર્ધામાં ભાગ લઈ શકશે. વિજેતા બાળકને યોગ્ય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

શ્રી કે.ટી. પટેલ પ્રમુખશ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળ સરઢવ, શ્રી વાડીભાઈ બી. પટેલ માનદ્ મંત્રી ટ્રસ્ટી, શ્રી મહેન્દ્રભાઈ પ્રહલાદભાઈ પટેલ પરિવાર દ્વારા આયોજન કરેલ છે.

# નિવૃત્ત પીઆઈ સાથે છેતરપીંડી કરીને જમીનનો બાનાખત કરી નાંખ્યો

ગાંધીનગર, તા. ૧૦

વર્ષ-૨૦૦૫ માં નિવૃત્ત થયેલા પોલીસ ઈન્સ્પેક્ટર ડી.બી. બાગીયાએ ચિલોડા પોલીસ સ્ટેશનમાં તેમની જમીન સંદર્ભે થયેલા વિશ્વાસઘાત અને છેતરપીંડી અંગે ફરીયાદ નોંધાવી છે. નવી શરતની જમીનને જુની શરતની કરવા માટે તેમણે ફાઈલ આપી હતી. જેમાં સહીઓ લઈ આરોપીઓએ બાનાખત કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરી હોવાની ફરીયાદ નોંધાવતા ચિલોડા પોલીસે તે અંગે તપાસ શરૂ કરી છે.

# સરકારી બિન ઉપયોગી ફર્નિચરના નિકાલ માટે સમિતિ

સચિવાલય સંકુલમાં પડી રહેલ બિન જરૂરી અને બિન ઉપયોગી ફર્નિચર વસ્તુઓના નિકાલ માટે નાણા વિભાગના અધિક મુખ્ય સચિવના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી છે. ગત બીજી ઓક્ટોબર ગાંધી જયંતિ અંતર્ગત હાથ ધરાયેલ મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન હેઠળ સચિવાલય સંકુલના જુદા જુદા બ્લોક્સમાં રાખવામાં આવેલ જુનુ ફર્નિચર બંધ વાહનો નકામા થઈ ગયેલા ઓટોમોબાઈલ પાર્ટસ-ટાયર્સ તથા ઈ-વેસ્ટ જેવા સામાનના નિકાલની કામગીરી હાથ ધરાય તે જરૂરી છે. તેના પરિણામે સ્વરૂપે સચિવાલય સંકુલ વધુ સુઘડ બનશે તથા વિભાગોની બેઠક વ્યવસ્થા માટે પણ વધુ જગ્યા ઉપલબ્ધ થઈ શકશે.

સચિવાલયના વિભાગો દ્વારા આવી બિન ઉપયોગી અને બિન જરૂરી સામાનના નિકાલની કાર્યવાહી કરી છે તેઓનો એવો અનુભવ રહ્યો છે કે નિકાલ માટે તળિયાની કિંમત જે નક્કી કરી હોય તેના કરતાં પણ ઓછી કિંમતે આવા સામાન ખરીદવાની ઓફર આવે છે. આ કારણે આવા સામાનના નિકાલમાં જોઈએ તેટલી સફળતા મળતી નથી. આથી આ પ્રશ્નના નિકાલ માટે સચિવોની એક સમિતિ બનાવીને સચિવાલય સંકુલના તમામ જુના ફર્નિચર ઈ-વેસ્ટ તથા અન્ય સામાનને એકત્રિત કરી નિકાલની કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## શબ્દાવલી - ૫૫૨૯



**આડી ચાવી**

૧. સંધિ, મેળ (૪)
૩. પીડા, વ્યાધિ (૩)
૫. વદાડ લેવો, ... કરવો (૨)
૬. નસ, નાડી (૨)
૮. એક નાનકડું ફળ (૪)
૯. વાઢ, કાપો, ચીરો (૨)
૧૦. 'કતાર' શબ્દ આડો અવળો (૩)
૧૧. માખણ (૩)
૧૩. ચમક..., દમકાટ (૩)
૧૬. મકાઇની ધાણી (૪)
૧૯. ફરજ, જવાબદારી (૨)
૨૧. પાણીની જેમ પૈસો વાપરે એટલે કે પૈસાની.... (૫)
૨૩. તરી શકે તેવો પદાર્થ (૩)
૨૪. દરકાર, પરવા (૩)

**ઊભી ચાવી**

૧. રીપેરીંગ કામ (૫)
૨. ધાન્ય (૨)
૩. મનુષ્યના કદનો (૫)
૪. સુગંધી લાકડુ (૨)
૫. કહાની (૩)
૭. ગપ્પા મારવા, ... કરવી (૪)
૮. વેરો, ટેક્ષ (૨)
૧૨. ટોપરાનું તેલ (૪)
૧૪. ઠંડીમાં ગળે બંધાતું વસ્ત્ર (૪)
૧૫. દેવુ, કરજ (૨)
૧૭. વચન (૨)
૧૮. મીઠુ, સબરસ (૩)
૨૦. માતા, જનની (૨)
૨૨. કાણુ (૨)

**શબ્દાવલી ૫૫૨૮ના જવાબ**

**આડી ચાવી :-** (૧) હવામાન (૩) કસર (૫) ભરમાર (૭) તીર (૯) ચડભડ (૧૧) યાતના (૧૩) રાખ (૧૪) વાહન (૧૮) કજરાળી (૧૯) ચાક (૨૧) યારાના (૨૪) ઉપરાણુ (૨૫) રખડુ

**ઊભી ચાવી :-** (૧) હવાતીયા (૨) નભ (૩) કમાડ (૪) સર (૬) રચના (૮) રતવા (૧૦) ડબકા (૧૨) નાહક (૧૫) નજરાણુ (૧૬) કાળીયાર (૧૭) વેચાઉ (૨૦) કપ (૨૨) રાખ (૨૩) નાડુ

## પરીક્ષાનું પરિણામ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રદ કરેલ છે. આ ઉપરાંત, પરીક્ષામાં ગેરરીતિ આચરતાં પકડાયેલા ઉમેદવારોની ઉમેદવારી પણ રદ કરવામાં આવી છે. આમ, કુલ ૨૭૬ ઉમેદવારોની ઉમેદવારી રદ કરવામાં આવી છે.

મહેસુલ તલાટીની પરીક્ષામાં કુલ ૮,૪૮,૬૦૦ ઉમેદવારો નોંધાયા હતા. આ પૈકી ૭,૫૩,૬૮૩ ઉમેદવારો પરીક્ષામાં બેઠા હતા અને ૯૪,૯૧૭ ઉમેદવારો ગેરહાજર હતા. પરીક્ષાનું પરિણામ http://oias.gui.nic.in.. વેબસાઈટ પર તથા મહેસુલ વિભાગની વેબસાઈટ http://revenuedepartment.gujarat.gov.in પર મુકવામાં આવેલ છે. ઉમેદવાર પોતાનો બેઠક ક્રમાંક અથવા કન્ફર્મેશન નંબર તથા પોતાની જન્મતારીખ દાખલ કરીને પોતાનું પરિણામ તા. ૨૬ ઓક્ટોબર, ૨૦૧૪, રાત્રે ૧૨.૦૦ કલાક સુધીમાં જોઈ શકાશે.

આ ઉપરાંત, જે તે કેટેગરીની ભરવાની થતી જગ્યાઓના આશરે પાંચ ગણા એટલે કે ૮,૪૫૬ ઉમેદવારોની કામચલાઉ મેરીટયાદી પણ વેબસાઈટ પર અલગથી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ યાદીમાંથી ઉમેદવારોને રૂબરૂ બોલાવી તેઓના પ્રમાણપત્રોની ચકાસણી કરી કુલ ૧૫૦૦ જગ્યાઓ માટેની મેરીટયાદી અને પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે અને તેના આધારે ઉમેદવારોને નિમણુંક આપવામાં આવશે. ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી અંગે વિગતવાર કાર્યક્રમ મહેસુલ વિભાગની વેબસાઈટ પર અલગથી મુકવામાં આવશે તેમજ ન્યૂઝપેપરમાં જાહેરાત પણ આપવામાં આવશે, જેની સૌ ઉમેદવારોએ નોંધ લેવી.

## જિલ્લા તંત્ર તૈયાર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

૨૪,૬૪૮ પરીક્ષાર્થીઓ નોંધાયેલા છે. આ માટે અલાયદા વાહનો પણ જે તે સક્ષમ અધિકારીને ફાળવવામાં આવ્યા છે. સવારે ૧૦ વાગે આ પરીક્ષાનો પ્રારંભ થશે તેના અર્ધા કલાક પહેલાં પરીક્ષાર્થીને સંકુલમાં પ્રવેશ આપવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે પરીક્ષા કેન્દ્રો પરની સ્થિતિ પર નિયંત્રણ અને નજર રાખવા માટે ખાસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ પણ નિયુકત કરવામાં આવ્યા છે.

શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષાઓ સંપન્ન થાય તે માટેની તમામ કાળજી તંત્ર એ લીધી છે.

## ૨ લાખ ચુકવ્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નંબર મેળવવા માટે ૬૬,૬૬૬ રૂપિયા ચુકવાયા હતા. આ ઉપરાંત ચાર આઠડા માટે પણ રૂ. ૪૪,૪૫૬ની ઉંચી રકમ ચુકવાઈ હતી. વાહન માલિકોએ ૯, ૭, ૧૦૮ જેવા પસંદગીના નંબરો માટે પણ ૭ હજારથી લઈ રૂ. ૭૧ હજાર સુધીની રકમ ચુકવી હતી. ગાંધીનગરમાં જી.જે.-૧૮ના રૂઆબદાર પાસીંગ સાથે પસંદગીનો નંબર મેળવવાનો વાહન મલિકોમાં વિશેષ ક્રેઝ હોવાનું સ્પષ્ટ થયું છે. હરાજીની પ્રક્રીયાના અંતે આર.ટી.ઓ. તંત્ર એ તગડી આવક મેળવી છે.

**જાહેર નિવિદા**

**ઓળખકાર્ડની કલર પ્રિન્ટીંગ અને લેમીનેશનની કામગીરી બાબત**

હાથશાળ-હસ્તકલાના કારીગરોના ઓળખકારડની કલર લેસર પ્રિન્ટીંગ તેમજ લેમીનેશનની કામગીરી કરી આપવા **ગાંધીનગર સ્થિત** રસ ધરાવનાર સંસ્થા / પાર્ટીઓ પાસેથી ઓફર મંગાવવામાં આવે છે. આ માટેનું ટેન્ડર ઈન્ડેક્ષ્ટ-સીની ગાંધીનગર ખાતેની કચેરીએથી જાહેરાત પ્રસિદ્ધ થયેથી કામકાજના દિવસો દરમિયાન (જાહેર રજા તથા રવિવાર સિવાયના દિવસો) **તા. ૧૮/૧૦/૧૪ના બપોરના ૧૬-૦૦ કલાક સુધી મેળવી આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૨૧/૧૦/૧૪ સુધીમાં સીલબંધ કવરમાં ટેન્ડર કવર ઉપર 'ઓળખકાર્ડની કલર લેસર પ્રિન્ટીંગ તેમજ લેમીનેશનની કામગીરીનું ટેન્ડર'** તેમ સ્પષ્ટ અક્ષરોમાં લખી મોકલી આપવાના રહેશે. આ પ્રકારના લખાણ વગરનું ટેન્ડર માન્ય ગણાશે નહીં. નોન-રીફંડેબલ ટેન્ડર ફી પેટે રૂ. ૧૦૦/- રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ ભરી ટેન્ડર મેળવી શકાશે.

**કાર્યવાહક નિયામક**
ઈન્ડેક્ષ્ટ-સી, બ્લોક નં.૭/૧, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ઈ-મેઈલ : exdire-indext-c@gujarat.gov.in
માહિતી/૧૪૧૨/૨૦૧૪-૧૫

INDEXT-c

**બીજો પ્રયત્ન**

**જાહેરાત**

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સંચાલિત વર્ષ ૨૦૧૪-૧૫માં નવું શરૂ કરવામાં આવેલ સરકારી કુમાર છાત્રાલય ગાંધીનગર માટે ૫૦ વિદ્યાર્થી / છાત્રો રહી અભ્યાસ કરી શકે તેવું છાત્રાલયને અનુરૂપ અને જમવાની સુવિધા સાથેનું હવા ઉજાસવાળું આર.સી.સી. ભૂકંપપ્રુફ પાકુ મકાન જેમાં કૉલેજના છાત્રોના નિવાસ સંડાસ-બાથરૂમ, લાઈટ, પાણી, ગટર, સ્ટોરરૂમ, ભોજનાલય, રસોડું, ઓફીસ રૂમ વગેરેની સંપૂર્ણ સુવિધાવાળુ મકાન ભાડે રાખવાની જરૂરિયાત હોઈ ગાંધીનગર અથવા નજીકના વિસ્તારમાંના રસ ધરાવતા મકાન માલિકો / સંસ્થાઓએ મકાનનો પ્લાન-નકશો ભાડે આપવાનું સંમતિ પત્રક વિગેરે સાધનિક પ્રમાણિત કાગળો સહિતની વિગતવાર દરખાસ્ત નીચેના સરનામે આરપીએડીથી જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૦માં મળી જાય તે રીતે કચેરીના કામકાજના દિવસો દરમિયાન મોકલી આપવાના રહેશે.

**મોકલવાનું સરનામું**
**તકેદારી અધિકારી (આદિજાતિ વિકાસ) અમદાવાદની કચેરી, એ-૬, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ટે.નં. ૦૭૯-૨૫૫૧૦૧૨૬**

તકેદારી અધિકારી
આદિજાતિ વિકાસ
અમદાવાદ

ક્રમાંક/સમાનિ/અમદ/૯૬૯/૨૦૧૪

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ